# આસપાસ ચોપાસ



## સ્વચ્છ ભારત અભિયાન સાર્થક

આરોગ્યની દૃષ્ટિએ આ ગામથી 9 કિમીના અંતરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. આ ગામના લોકોને સાકરપાતળ પી.એચ.સી. દવાખાનામાં જવું પડે છે. આ ગામથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર 9 કિમી દૂર હોય તથા રસ્તો પણ જર્જરિત હોવાના પગલે ચોમાસાની ઋતુમાં દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવે છે. મોટી બીમારીઓમાં લોકોને આહવા સિવિલ અને વાંસદા સુધી દોડવું પડે છે. દગુનિયા ગામના યુવાનો અને વડીલો વચ્ચેના સુમેળભર્યા સંબંધો, વડીલોને માન આપવાની પ્રથા, માતા-પિતા અને ગુરુજનો તથા માતા-બહેનોનું સન્માન અને આદર ભાવના ધરાવતું ગામ હોવાથી અહી સંપ ત્યાં જંપનું ઉદાહરણ જોવા મળે છે. અહીં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શાળાનાં બાળકો, આગેવાનો અને ગ્રામજનો દ્વારા ગામની વાર-તહેવારે સાફસફાઈ કરવામાં આવે છે. તથા પંચાયતે ગામમાં દરેક ઘરોમાં શૌચાલયની વ્યવસ્થા કરી આપી છે. અહીં દરેક ઘરમાં શૌચાલયો હોવાથી સ્વચ્છ ભારતનું સપનું સાકાર બનેલું નજરે પડે છે. વધુમાં ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ચાલુ વર્ષમાં ગામમાં 180થી વધુ લાભાર્થીને ઈન્દિરા આવાસ અને પ્રધાનમંત્રી આવાસ તથા સમાજ કલ્યાણ શાખામાંથી તેમજ બોર્ડર વિલેજ યોજનામાંથી આવાસની ફાળવણી કરાઈ છે.

## લોકોને દાખલા સહિત અન્ય કામગીરી માટે સરળતા

આ ગામના તલાટી કમ મંત્રી તરીકે કેતનભાઈ પવાર કામગીરી કરે છે. તેમના ચાર્જમાં ગ્રુપ ગ્રામ પંચાયતના અન્ય ગામડાં પણ આવે છે. તેઓ ગ્રુપ ગ્રામ પંચાયત દગુનિયાની નિયમિત કામગીરી કરી રહ્યા છે. દગુનિયા ગ્રુપ ગ્રામ પંચાયતની કચેરી ગામમાં જ હોવાથી ગામના લોકોને દાખલા સહિત અન્ય કામગીરી માટે સરળતા પડે છે. અને અન્ય જગ્યાએ જવું પડતું નથી.

## ખેતી અને પશુપાલનનો વ્યવસાય

સિંચાઈની દૃષ્ટિએ ગામમાં કૂવા, બોર અને ગામને અડીને નાના-મોટા 9 ચેકડેમ અને સંગ્રહ તળાવ પણ બનાવવામાં આવ્યાં છે. આ 9 ચેકડેમમાંથી ઉનાળાના આખરના મહિનામાં બે ચકડેમમાં પાણીના સ્તર થોડા નીચા જાય છે. આ ગામના લોકો સહિત પશુપાલનને બારેમાસ પાણીની સુવિધાઓ મળી રહે છે. આ ગામમાં ચોમાસાની અને શિયાળાની ઋતુ દરમિયાન ખેડૂતો દ્વારા ડાંગર, નાગલી, મગફળી, અડદ, તુવેર, વરી, ચણા, વટાણા ઘઉ, શાકભાજી, કઠોળ વગેરે પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. જ્યારે અમુક ખેડૂતોએ પાણીની સુવિધાઓ માટે સ્વખર્ચે ખેતરોમાં બોર અને કૂવા દ્વારા પાણીની સુવિધાઓને ઉપલબ્ધ કરી છે. આ ગામના ખેડૂતો મરચાં, કારેલાં તથા રીંગણ સહિત બાગાયતની ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે. પશુપાલનની દૃષ્ટિએ ગામના નાના-મોટા ખેડૂતો પોતાની પાસે ગાય, ભેંસ, બકરાં, ખેતી માટે બળદ અને પાડા જેવા પાલતું પ્રાણીઓનો ઉછેર કરી સાઈડ આવક મેળવી પરિવારના ભરણપોષણમાં ભાગીદાર બને છે. દગુનિયા ગામમાં ભાગ્યોદય મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી પણ કાર્યરત છે, જેમાં 300 જેટલા સભાસદો નોંધાયેલા છે. દૂધમંડળીના પ્રમુખ તરીકે ભાવનાબેન બીપીનચંદ્ર ગાવીત અને મંત્રી તરીકે લાલભાઈ વાળલભાઈ ગાવીત ફરજ બજાવી રહ્યા છે. આ ગામમાંથી પશુપાલકો રોજેરોજ ડેરીમાં 1260 લીટર જેટલુ દૂધ ભરે છે અને દર મહિને ડેરી દ્વારા તમામ પશુપાલકોને 7 લાખનું પેમેન્ટ ચૂકવવામાં આવે છે. દગુનિયા ગામની દૂધડેરી વાર્ષિક દોઢ કરોડની આવકનું ઉપાર્જન મેળવી સધ્ધર બની છે. ગામના પશુપાલકો પાસે 350થી વધુ દૂધ ઉત્પાદન કરતી જર્સી ગાયો છે. ગાયોના પગલે દગુનિયા ગામનો દૂધનો ડેરી વ્યવસાય ફૂલેલો અને ફળદાયી સાબિત થયો છે. દૂધડેરી થકી આ ગામ આર્થિક રીતે સધ્ધર બન્યું છે.

## ગામની કુલ વસતી આશરે 1231

આ ગામમાં સો ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે. જેઓ માત્ર કુનબી, કોંકણી, વારલી અને ભીલ જ્ઞાતિના છે. આ ગામના 90 ટકા લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે જૂજ 10 ટકા લોકો ખ્રિસ્તી ધર્મ સાથે જોડાયેલા છે. આ ગામમાં હનુમાનજીનું મંદિર પણ આવેલું છે. સાથે ગાવદેવી અને વાઘદેવની પ્રતિમા પણ જોવા મળે છે. આ ગામમાં 90 ટકા હિન્દુ ધર્મના અનુયાયીઓ જોવા મળે છે. જ્યારે જૂજ ખ્રિસ્તી લોકો હોય જે રવિવારે દેવળમાં પ્રાર્થના કરે છે. દગુનિયા ગામમાં ભક્તો દ્વારા નિર્માણ કરાયેલા હનુમાનજીના મંદિરે શનિવારે પૂજા-અર્ચના કરવામાં આવે છે. વધુમાં આ ગામમાં શ્રી સંપ્રદાય, માળકરી, સ્વામિનારાયણ તથા મોક્ષમાર્ગી સંપ્રદાયના ભક્તો પણ પૂજા-અર્ચના કરી પોતાના સનાતન હિન્દુ ધર્મનું પાલન કરે છે. દગુનિયા ગામની ચર્ચા કરીએ તો ગામની કુલ વસતી આશરે 1231 છે, જેમાં પુરુષોની સંખ્યા 618થી વધુ છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા 613થી વધુ છે. આ ગામમાં 221થી વધુ કાચાં અને પાકાં ઘર આવેલાં છે. સાથે 350થી વધુ નાનાં-મોટાં કુટુંબ આવેલાં છે. ગામમાં ફળિયાની કુલ સંખ્યા 2 છે. દગુનિયા ગામમાં પટેલ ફળિયું અને કારબારી ફળિયું મળી કુલ બે ફળિયાં આવેલાં છે, જેમાં 221થી વધુ નાનાં-મોટાં કાચાં અને પાકાં મકાન આવેલાં છે. આ ગામમાં ગાવીત, ભોયે, હિલીમ, ધૂમ, રાઠોડ, જાદવ, વાઘમારે, વાલગડ, ગાયકવાડ, વાઘ, સેવરા, પવાર, ભગરે, વાઘટ, દિવા અટકના લોકોનો સમાવેશ થાય છે.



## આ સુવિધા પણ ઉપલબ્ધ

દગુનિયા ગામની વર્ષો જૂની સમસ્યામાં સ્મશાનની સમસ્યાનો અંત આવ્યો છે. ગામના જાગૃત આગેવાનોમાં લાલભાઈ ગાવીત તથા સરપંચ આશાબેન ગાવીત દ્વારા પંચાયતની ગ્રાંટમાંથી અહીં નવું સ્મશાન ઘર બનાવાતાં ચોમાસાની ઋતુમાં અંતિમક્રિયા વેળાએ ગ્રામજનોને મોટી રાહત મળી ગઈ છે. આ ગામમાં દક્ષિણ ગુજરાત વિ.પ્રા.લિ વઘઈ દ્વારા 24 કલાક વીજળી આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની-વઘઈએ આ ગામના ખેડૂતોને ખેતીવાડીના વીજ કનેક્શન ફાળવી આપી ખેતી ક્ષેત્રે સધ્ધર બનવા માટેનું પ્રોત્સાહન આપ્યું છે.

## સુખ દુ:ખના સમયે સખીમંડળ આવે છે કામ

ગામમાં મહિલાઓ દ્વારા 7 જેટલાં સખીમંડળ પણ કાર્યરત કરાયાં છે, જેમાં દુર્ગા શક્તિ મિશન મંગલમમાં પ્રમુખ તરીકે ભાવનાબેન બીપીનચંદ્ર ગાવીત, જ્યારે મંત્રી તરીકે સવિતા રાજુ ગાવીત કામગીરી કરે છે. સાધના મહિલા ગ્રુપમાં પ્રમુખ તરીકે સવિતાબેન રાજુભાઈ ગાવીત તથા મંત્રી તરીકે ભાવનાબેન બીપીનભાઈ ગાવીત કામગીરી કરી રહ્યા છે. જય અંબે ગ્રુપમાં પ્રમુખ તરીકે પાંડુરંગ પવાર, સરસ્વતી ગ્રુપમાં પ્રમુખ તરીકે યેનુબેન ગોવિંદભાઈ વાઘમારે, આરતી ગ્રુપમાં પ્રમુખ દક્ષાબેન સંદીપભાઈ દિવા, ગાયત્રી ગ્રુપમાં પ્રમુખ તરીકે સુશીલાબેન દિલીપભાઈ ગાવીત, જ્યારે કોમલ સખીમંડળ ગ્રુપમાં પ્રમુખ તરીકે લક્ષ્મીબેન વાલગઢ પૈસાની બચત કરી સુખ દુ:ખના સમયે જરૂરિયાતમંદ લોકોને ઓછા વ્યાજ ઉપર નાણાં આપી મદદ કરે છે.

## વાઘદેવ અને ગાવદેવીની પ્રતિમા આદિવાસીઓ માટે આસ્થાનું પ્રતીકસમાન

દગુનિયા ગામમાં વાઘદેવ અને ગાવદેવની પ્રતિમાઓનું સ્થાપન કરાયું છે. અહીં વાર-તહેવારે ગ્રામજનો દ્વારા વાઘદેવ તથા ગાવદેવીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ગામની સમૃદ્ધિ કાયમ માટે જળવાઈ રહે તથા ગામ પર કોઈ આફત ન આવે એ માટે વાઘદેવ અને આ ગાવદેવીની પૂજા-અર્ચના કરી ગ્રામજનો દ્વારા વાર તહેવારોમાં શ્રીફળ, મરઘાં અને નવા ધાન્યનો ભોગ ચડાવવામાં આવે છે.





## રંગેચંગે થાય છે તહેવારોની ઉજવણી

દગુનિયા ગામમાં સંપ સારો હોવાથી ગ્રામજનો નવરાત્રિ, ગણેશ ઉત્સવ, જમાષ્ટમી, હોળી, ડુંગરદેવ, તેરા, નાગપંચમી, રક્ષાબંધન, મકરસંક્રાંતિ, દિવાળી, નાતાલ જેવા તહેવારોમાં સાથે મળી શ્રદ્ધા તથા ધામધૂમપૂર્વક ઉજવણી કરે છે.



## સરકારની ગ્રાન્ટ થકી ગામનો વિકાસ થયો: આશાબેન ગાવીત



દગુનિયા ગામની શિક્ષિત એવાં મહિલા સરપંચ આશાબેન હર્ષદભાઈ ગાવીત ધો.10 સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયાં છે. આ શિક્ષિત યુવા મહિલા હાલની ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપાના પેનલમાંથી સરપંચ તરીકે દબદબાભેર બિનહરીફ ચુંટાઈ આવી છે. અને હાલમાં જ ટૂંકા સમયમાં ગ્રુપ ગ્રામ પંચાયત દગુનિયાના પાંચ જેટલા ગામડાંના વિકાસને વાચા આપી છે. આશાબેન ગાવીતે જણાવ્યું હતું કે, શિક્ષણ મેળવ્યા બાદ મારાં લગ્ન વઘઈ તાલુકાના દગુનિયા ગામે થતાં ગૃહિણીની સાથે સાથે દગુનિયા વિસ્તારમાં અગ્રણી તરીકે સેવા આપી રહી છું. અને હાલમાં ગામમાં જ રહું છું. જેથી ગામ સહિત આજુબાજુના તમામ લોકો સાથે સંપર્કમાં રહું છું. હાલ દગુનિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં લાગુ ગામોના લોકોના સલાહસૂચન મુજબ વિકાસનાં કામોની ચર્ચા કરી ઉપલા લેવલે રજૂઆત કરીને સરકારી યોજનાઓ સફળ બનાવવા માટે તંત્રમાં હું રજૂઆત કરું છું. અમારા ગામમાં શાંતિનો માહોલ જોવા મળે છે. દગુનિયા ગામમાં યુવા મહિલા નેતા તરીકે ઉભરી આવ્યા બાદ સરકારની ગ્રાન્ટ થકી ગામનો વિકાસ સારી રીતે થાય એ માટે વારંવાર વઘઈ તાલુકા પંચાયત સહિત જિલ્લા પંચાયત અને તંત્રમાં રજૂઆત કરું છું. વધુમાં અમારું દગુનિયા ગામ છેલ્લાં ઘણાં વર્ષથી ભાજપા પાર્ટીના પડખે અડીખમ બનીને ઊભું છે.

## લાલભાઈ ગાવીત સમાજ સેવામાં રહે છે અગ્રેસર



દગુનિયા ગામના માજી સરપંચ તથા હાલના જિલ્લા પંચાયતના સદસ્ય લાલભાઈ વાળલભાઈ ગાવીત વર્ષ-1989થી રાજકારણમાં જોડાઈને અગ્રણી અને લોકસેવક તરીકે વિસ્તારમાં સેવા આપી રહ્યા છે. બરડા જિલ્લા સીટના ગામ સહિત આજુબાજુના ગામમાં કોઈપણ મુશ્કેલી તથા કોઈપણ તકરાર હોય તો તેઓ બંને પક્ષને ગામના પંચમાં ભેગા કરી મધ્યસ્થી બની સુખદ સમાધાન પણ કરાવી આપે છે. કોર્ટ કેસ કચેરીઓમાં ન જવા માંગતા લોકોનું ગામ રાહે જ સમાધાન કરાવી આપે છે. તથા ગામના શિક્ષિત યુવાનો અને યુવતીઓને પણ યોગ્ય માર્ગદર્શન આપી મદદ કરી રહ્યા છે. લાલભાઈ ગાવીત ત્રણ ટર્મ સુધી દગુનિયા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ તથા 1 ટર્મ માટે કોંગ્રેસમાંથી જિલ્લા સદસ્ય તથા હાલમાં ભાજપા પાર્ટીમાંથી બરડા જિલ્લા સીટ પરથી જિલ્લા સદસ્ય તરીકે ચુંટાઈ આવ્યા છે. હાલમાં અઢી વર્ષ પૂર્વે ભાજપાની બોડીમાંથી દબદબાભેર જિલ્લા સદસ્ય પદે ચુંટાઈ આવ્યા છે. લાલભાઈ ગાવીત ડાંગ જિલ્લાના રાજકારણમાં સિનિયર નેતાનું સ્થાન ધરાવે છે. તેઓ ભાજપા પાર્ટીમાંથી જિલ્લા સદસ્ય તરીકે ચુંટાઈ આવ્યા છે. પરંતુ તેઓની રજૂઆત ડાંગ જિલ્લાના ઉપલા નેતાઓ દ્વારા સાંભળવામાં આવતી નથી તેમ જણાવી બળાપો ઠાલવ્યો હતો. ડાંગ જિલ્લા પંચાયતમાં સદર ભાજપાનું શાસન હોવા છતાં તેમના વિસ્તારનાં અમુક કામો નેતાઓ દ્વારા નામંજૂર કરી દેવાતાં તેઓ દુ:ખ વ્યક્ત કરી રહ્યા છે. પોતે શિક્ષિત હોય જેથી યુવાનોને યોગ્ય માર્ગદર્શન તેમજ ગામના શિક્ષિત ન હોય તેવા વૃદ્ધ ભાઈ-બહેનોની સહાયકીય યોજનાઓમાં તાલુકા મથક વઘઈ કે આહવા સુધી દોડી જઈ મદદરૂપ બની ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડી રહ્યા છે. લાલભાઈ ગાવીત સિનિયર નેતા અને લોકો જોડે મળતાવડા સ્વાભાવના હોવાથી છેલ્લાં 30 વર્ષથી બરડા-દગુનિયા વિસ્તારમાં અગ્રણી તરીકેની આજે પણ તેઓની લોકચાહના અકબંધ જોવા મળે છે.

## ભગતો કરે છે અસાધ્ય રોગોનું નિદાન

દગુનિયા ગામના મનહરભાઈ મોવજભાઈ હિલીમ, બીપિનભાઈ સુરેશભાઈ સેવરા, શુકરીબેન હીરાભાઈ હિલીમ (દાયણ) જેઓ ભગત તરીકે કામગીરી કરે છે. આ ભગતો વિવિધ રોગોના નિદાન માટે જડીબુટ્ટી આપે છે. દગુનિયા ગામે આ ભગતો વારસાગત રીતે ભગતોની ધૂણી ધખાવી રહ્યા છે. બીમારી જેવા પ્રસંગે આ ભગતો જંગલમાંથી જડીબુટ્ટી લાવી અસાધ્ય રોગોનું નિદાન કરે છે.

## ગામના સમાજ સેવકો અને અગ્રણીઓ

દગુનિયા ગામના વિકાસમાં રાજુભાઈ કાળાભાઈ ગાવીત, સીતારામભાઈ સોમાભાઈ ગાવીત, કરશનભાઈ વાળલભાઈ ગાવીત, અશોકભાઈ દેવરામભાઈ ગાવીત, હર્ષદભાઈ કાળાભાઈ ગાવીત, ગોવિંદભાઈ મોતીરામભાઈ ગાવીત, શંકરભાઈ કાશીરામ પવાર, રામાભાઈ જાન્યાભાઈ ભોયેનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

## દગુનિયા ગામનું ગૌરવ

દગુનિયા ગામના યુવાનો અને યુવતીઓ સરકારની જુદી જુદી પોસ્ટ પર નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે. દગુનિયા ગામના (1) ગૌતમભાઈ કાળાભાઈ ગાવીત-પોલીસકર્મી કપરાડા, (2) અશોકભાઈ દેવરામભાઈ ગાવીત-ફોરેસ્ટર સાકરપાતળ, (3) વિજયભાઈ કરસનભાઈ ગાવીત-પોલીસકર્મી અમદાવાદ, (4) સંજયભાઈ આવજભાઈ હિલીમ-શિક્ષક પંચમહાલ, (5) મુકેશભાઈ મનીરામભાઈ ધૂમ-ક્લાર્ક આહવા, (6) દક્ષાબેન સંજયભાઈ હિલીમ-શિક્ષિકા ગોધરા, (7) સુરાબેન વિજયભાઈ ગાવીત-નર્સ વ્યારા, (8) જ્યોતિબેન હેમંતભાઈ રાઠોડ-શિક્ષિકા પંચમહાલ, (9) રતિલાલભાઈ સુરેશભાઈ ભોયે-આરોગ્યકર્મી ઉમરગામ, (10) દિનેશભાઈ આવજભાઈ હિલીમ-ફાયરબ્રિગેડ વાપી, (11) રમેશભાઈ ભાસ્કરભાઈ ભોયે-ઈન્ડિયન આર્મી. દગુનિયા ગામના યુવકો અને યુવતીઓ ખાનગી તથા સરકારી ક્ષેત્રે નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે, જેમાં અમુક કર્મચારીઓ નિવૃત્ત થઈ હાલમાં ગામના વિકાસમાં ભાગીદાર બની ગામનું નામ રોશન કરી રહ્યાં છે.











